અનુસંધાન ... પાના પહેલાનું

પર્યાવરણવાદીઓની...

અરવલ્લી વિરાસત જન અભિયાને પણ સુપ્રીમ કોર્ટના નિર્ણયથી સંતોષ વ્યક્ત કર્યો. આ આદેશ અરવલ્લીના રક્ષણ માટેના અમારા ચાલુ અભિયાનમાં એક મહત્વપૂર્ણ પ્રગતિ છે. અમે આ કુદરતી વારસાના સંરક્ષણ માટે અમારી લડાઈ ચાલુ રાખીશું, એમ જૂથે એક નિવેદનમાં જણાવ્યું હતું.

વિક્રમી સપાટીએ પહોંચ્યા...

પરંતુ નફો લેવા અને ભૂ-રાજકીય વાતાવરણના સંયોજનને કારણે છે. રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યા પછી વેપારીઓએ નફો બુક કરવાનું શરૂ કર્યું, અને સલામત-આશ્રયસ્થાન માગ અચાનક ઘટી ગઈ. આ લખાઈ રહ્યું છે ત્યારે, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર 5 માર્ચ, 2026 ની સમાપ્તિ તારીખ ધરાવતી ચાંદીનો ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ. 234,400 પર ટ્રેડ થઈ રહ્યો હતો. પાછલા દિવસની સરખામણીમાં તેમાં 2.25 ટકા અથવા રૂ. 5,387નો ઘટાડો થયો હતો. પાછલા ટ્રેડિંગ સત્ર દરમિયાન, તે રૂ. 239,787 પર બંધ થયો હતો. નોંધપાત્ર વાત એ છે કે, આજે સવારે બજાર ખુલતાની સાથે જ ચાંદીના ભાવ અચાનક ઉછળીને પ્રતિ કિલોગ્રામ રૂ. 2,54,174 ની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, બપોરે એક વાગ્યાની આસપાસ, તેમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો અને રૂ. 2.34 લાખની આસપાસ વેપાર શરૂ થયો. આનો અર્થ એ થયો કે ચાંદીના ભાવ રૂ. 21,500 થી વધુ ઘટ્યા હતા.

અરવલ્લી વિવાદ :...

બેન્ચે આ જ અદાલતના ૨૦ નવેમ્બરના આદેશનો અમલ હાલ મોકૂફ રાખવાનો આદેશ આપ્યો હતો અને એક ઉચ્ચ શક્તિશાળી નિષ્ણાત સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો હતો. બેન્ચે કહ્યું હતું કે અરવલ્લી પર્વતમાળાની પર્યાવરણીય અખંડિતાની અવગણના કરે તેવા કોઈ પણ નિયમનકારી છીંડાઓને અટકાવવાની જરૂર છે. તેમાં એવો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે કે 9 મે, 2024 ના રોજના આદેશમાં નિર્ધારિત કર્યા મુજબ, આગામી આદેશો સુધી, 25 ઓગસ્ટ, 2010ના FSI રિપોર્ટમાં વ્યાખ્યાયિત 'અરવલ્લી ટેકરીઓ અને પર્વતમાળાઓ'માં ખાણકામ માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે પ્રાથમિકપણે જણાય છે કે સમિતિનો અહેવાલ અને તેના આધારે આ અદાલતે અગાઉ આપેલ આદેશમાં કેટલાક અતિ મહત્વના મુદ્દાઓની સ્પષ્ટતા કરવાનું ચૂકી જવાયું છે અને કોઈ પણ નિયમનકારી છીંડાઓ અરવલ્લીની પર્યાવરણીય અખંડિતાને અસર કરે તેમ છે કેમ? તે બાબતે તપાસની જરૂર છે.

પર્યાવરણવાદીઓમાં નોંધપાત્ર રોષ જોવા મળ્યો છે, જેમણે નવી અપનાવવામાં આવેલી વ્યાખ્યા અને આ કોર્ટના નિર્દેશોના ખોટા અર્થઘટન અને અયોગ્ય અમલીકરણની સંભાવના અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે એમ જસ્ટિસો જે કે મહેશ્વરી અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહનો પણ સમાવેશ ધરાવતી બેન્ચે જણાવ્યું હતું. તેણે કહ્યું કે આ જાહેર અસંમતિ અને ટીકા ચોક્કસ શબ્દો અને કોર્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશોમાં કથિત અસ્પષ્ટતાના કારણે ઉદ્ભવી છે એમ બેન્ચે 'અરવલ્લી હિલ્સ એન્ડ રેન્જીસ એન્ડ એન્સિલરી ઈશ્યુઝ' નામના સુઓમોટુ કેસમાં આપેલા આદેશમાં જણાવ્યું હતું. ટોચની અદાલતે 20 નવેમ્બરના રોજ અરવલ્લી ટેકરીઓ અને રેન્જીસની એક સમાન વ્યાખ્યા સ્વીકારી હતી અને નિષ્ણાતોના અહેવાલો બહાર ન આવે ત્યાં સુધી દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતના તેના વિસ્તારોમાં નવા ખાણકામ લીઝ આપવા પર પ્રતિબંધ મૂક્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે તેના ૨૦ નવેમ્બરના આદેશમાં સરકારના પર્યાવરણ મંત્રાલયની સમિતિની ભલામણ સ્વીકારી લીધી હતી. આ કમિટીએ ભલામણ કરી હતી કે અરવલ્લી ટેકરીઓને નિયુક્ત અરવલ્લી જિલ્લાઓમાં કોઈપણ ભૂમિ સ્વરૂપ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે જેની ઊંચાઈ તેની સ્થાનિક જમીનથી 100 મીટર કે તેથી વધુ હોય, અને એક બીજાથી ૫૦૦ મીટરના અંતરની અંદર નજીક નજીક હશે તેવા પર્વતોને પર્વતમાળા ગણવામાં આવશે.

સરકારે અને વિપક્ષે સુપ્રીમના આદેશને પોત પોતાની રીતે આવકાર્યો

નવી દિલ્હી, તા. ૨૯: અરવલ્લી પર્વતમાળા વિવાદમાં સુપ્રીમ કોર્ટે આપે આપેલા આદેશને સરકાર અને વિરોધપક્ષ - બંનેએ આવકાર્યો છે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે સોમવારે અરવલ્લી ટેકરીઓ અને પર્વતમાળાઓની એકસમાન વ્યાખ્યા સ્વીકારવાના સુપ્રીમ કોર્ટના આદેશ પર સ્ટે મૂકવાના નિર્ણયનું સ્વાગત કર્યું અને કહ્યું કે સરકાર તેના રક્ષણ અને પુનઃસ્થાપન માટે પ્રતિબદ્ધ છે. અરવલ્લી પર્વતમાળા અંગેના તેના આદેશ પર સ્ટે મૂકવા અને મુદ્દાઓનો અભ્યાસ કરવા માટે એક નવી સમિતિની રચના કરવાના સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું હું સ્વાગત કરું છું. અમે અરવલ્લી પર્વતમાળાના રક્ષણ અને પુનઃસ્થાપનમાં MOEFCC પાસેથી માંગવામાં આવતી તમામ સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છીએ એમ યાદવે X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું. કોંગ્રેસે સોમવારે અરવલ્લી પર્વતમાળાની નવી વ્યાખ્યા પર સુપ્રીમ કોર્ટના 20 નવેમ્બરના આદેશ પર સ્ટે મૂકવાના નિર્ણયનું સ્વાગત કર્યું અને કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવના રાજીનામાની માંગ કરી હતી અને કહ્યું કે પુનઃવ્યાખ્યાના પક્ષમાં તેમણે કરેલી બધી દલીલો નકારી કાઢવામાં આવી છે.

કોંગ્રેસે પુનઃવ્યાખ્યાનો સખત વિરોધ કર્યો હતો અને તેના પર ચિંતા વ્યક્ત કરી હતી, એવો દાવો કર્યો હતો કે આનાથી આ ટેકરીઓ ખાણકામ, રિયલ એસ્ટેટ અને અન્ય પ્રોજેક્ટ્સ માટે ખુલ્લી થઇને છેવટે નાશ પામશે. X પરની એક પોસ્ટમાં, કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે સુપ્રીમ કોર્ટનો આ નિર્દેશ આશાનું કિરણ આપે છે.

સૌર ઊર્જાનો વ્યાપ વધી રહ્યો છે તેમ તેના દ્વારા પેદા થતા કચરાની ચિંતા વધી રહી છે

ભારતમાં સૌર ઊર્જાના ઝડપી વિસ્તરણને એક મોટી સફળતા માનવામાં આવી રહી છે, પરંતુ આ સાથે એક ગંભીર પ્રશ્ન એ પણ ઉપસ્થિત છે કે જો તેમાંથી ઉત્પન્ન થતા કચરાનું સંચાલન કરવા માટે કોઈ નક્કર યોજના ન હોય, તો આ પરિવર્તન કેટલું સ્વચ્છ કહેવાય? એક દાયકા કરતાં વધુ સમયમાં ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો સૌર ઊર્જા ઉત્પાદક દેશ બન્યો છે. ભારતમાં વિશાળ સૌર ઉદ્યાનોથી લઈને શહેરો, નગરો અને ગામડાંઓની વાદળી છત સુધી, સૌર પેનલ દરેક જગ્યાએ દેખાઈ રહી છે. દેશનાં લાખો ઘરો પર રુફ ટોપ સોલાર સિસ્ટમો હવે વીજળી ઉત્પન્ન કરી રહી છે અને પાવર ગ્રીડમાં ઊર્જા ઉમેરી રહી છે. સરકારી આંકડા અનુસાર સૌર ઊર્જા સબસિડી યોજના હેઠળ લગભગ ૨૪ લાખ ઘરોમાં સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. સૌર ઊર્જાના વિકાસથી ભારતની કોલસા પરની નિર્ભરતા ઓછી થઈ છે. જો કે, થર્મલ અને અન્ય બિન-નવીનીકરણીય ઊર્જા સ્રોતો હજુ પણ કુલ ક્ષમતાના અડધાથી વધુ હિસ્સો ધરાવે છે. ભારતમાં સૌર ઊર્જા હવે કુલ ઊર્જામાં ૨૦ ટકાથી વધુ ફાળો આપે છે. આ એક નોંધપાત્ર સિદ્ધિ છે, પરંતુ તેની સાથે એક સમસ્યા પણ આવે છે. સોલાર પેનલ સામાન્ય રીતે લગભગ ૨૫ વર્ષ ચાલે છે, ત્યાર બાદ તેને દૂર કરીને ફેંકી દેવામાં આવે છે. હાલમાં ભારતમાં સૌર કચરાનું રિસાયક્લિંગ કરવા માટે કોઈ સમર્પિત બજેટ નથી અને જૂની પેનલ્સને પ્રોસેસ કરવા માટે ફક્ત થોડાં નાનાં કેન્દ્રો છે.

સોલાર પેનલના મોટા ભાગના ભાગોને રિસાયકલ કરી શકાય છે. તેમાં કાચ, એલ્યુમિનિયમ, ચાંદી અને પોલિમર હોય છે. જો કે, સીસું અને કેડમિયમ જેવી ઝેરી ધાતુઓની થોડી માત્રા પણ જો યોગ્ય રીતે સંભાળ ન લેવામાં આવે તો તે માટી અને પાણીને પ્રદૂષિત કરી શકે છે. ભારત પાસે સૌર કચરા અંગે કોઈ સત્તાવાર ડેટા નથી. જો કે, એક અભ્યાસ સૂચવે છે કે તે ૨૦૨૬ સુધીમાં લગભગ ૧,૦૦,૦૦૦ ટન અને ૨૦૩૦ સુધીમાં ૬,૦૦,૦૦૦ ટન સૌર કચરો ઉત્પન્ન કરી શકે છે. હાલમાં આ સંખ્યા ઓછી જણાય છે, પરંતુ નિષ્ણાતો ચેતવણી આપે છે કે કચરાનો મોટો બોજ હજુ આવવાનો બાકી છે. જો રિસાયક્લિંગ સિસ્ટમ્સમાં ટૂંક સમયમાં રોકાણ કરવામાં નહીં આવે, તો ભારતને સૌર કચરાના વધતા સંકટનો સામનો કરવો પડી શકે છે.

કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયર્નમેન્ટ એન્ડ વોટર (CEEW) ના નવા અભ્યાસ મુજબ, ભારત ૨૦૪૭ સુધીમાં ૧.૧ કરોડ ટનથી વધુ સૌર કચરો ઉત્પન્ન કરી શકે છે. તેનો સુરક્ષિત રીતે નિકાલ કરવા માટે આશરે ૩૦૦ સમર્પિત રિસાયક્લિંગ કેન્દ્રોની જરૂર પડશે અને આગામી બે દાયકામાં આશરે ૪૭.૮ કરોડ ડોલરનું રોકાણ કરવું પડશે. ભારતનાં મોટા ભાગનાં મોટા સૌર ઉદ્યાનો ૨૦૧૦ ના દાયકા દરમિયાન બનાવવામાં આવ્યા હતા, તેથી સૌર કચરાનો વાસ્તવિક પ્રવાહ આગામી ૧૦ થી ૧૫ વર્ષમાં ભંગારમાં આવશે. જો કે, ભારતના સૌર કચરાનો અંદાજ વૈશ્વિક પેટર્ન સાથે મેળ ખાય છે. અમેરિકા ૨૦૩૦ સુધીમાં ૧.૭૦ થી ૧૦ લાખ ટન સૌર કચરો ઉત્પન્ન કરી શકે છે અને ચીન પણ લગભગ ૧૦ લાખ ટન સૌર કચરો ઉત્પન્ન કરી શકે છે.

અમેરિકામાં સૌર પેનલનું રિસાયક્લિંગ મોટા ભાગે બજાર આધારિત છે અને તે વ્યક્તિગત રાજ્યના નિયમો પર આધાર રાખે છે. ભારતની જેમ ચીનની સિસ્ટમ હજુ પણ વિકાસશીલ છે અને ત્યાં કોઈ મજબૂત નિયમનકારી માળખું નથી. ભારતમાં ૨૦૨૨ માં સોલાર પેનલ્સને ઈ-વેસ્ટ નિયમો હેઠળ લાવવામાં આવ્યા હતા. આનાથી ઉત્પાદકોની જવાબદારી બને છે કે તેઓ પેનલનું આયુષ્ય પૂર્ણ થયા પછી તેને એકત્રિત કરે, સંગ્રહ કરે, તોડી નાખે અને રિસાયકલ કરે. નિષ્ણાતો કહે છે કે ખાસ કરીને ઘરો અને નાના પાયાની પેનલના કિસ્સામાં આ નિયમોનું એકસરખું પાલન કરી શકાતું નથી. આ નાની કંપનીઓ સૌર પેનલોના

કુલ સ્થાપનોના ૫ થી ૧૦ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે આ પેનલ્સ સંખ્યામાં નાની છે, ત્યારે તેમને ટ્રેક કરવી, એકત્રિત કરવી અને રિસાયકલ કરવી મુશ્કેલ છે, તેથી તેઓ નોંધપાત્ર કચરો ઉત્પન્ન કરી શકે છે. ભારતમાં રુફ ટોપ સૌર ઊર્જા પ્લાન્ટની સ્થાપના કરતી કંપનીઓ એટલી નાની અને અસંગઠિત છે કે ૨૫ વર્ષ પછી તેમાંની કેટલી કંપનીઓ અસ્તિત્વમાં હશે, તે પણ શંકાસ્પદ છે. નકામી થઈ ગયેલી પેનલો ભંગારમાં જઈ શકે છે. ક્ષતિગ્રસ્ત અથવા કાઢી નાખવામાં આવેલી સૌર પેનલો ઘણી વાર લેન્ડફિલ્સમાં અથવા અનધિકૃત રિસાયકલર્સ પાસે સમાપ્ત થાય છે, જ્યાં અસુરક્ષિત પદ્ધતિઓ ઝેરી પદાર્થો મુક્ત કરી શકે છે.

પર્યાવરણીય નિષ્ણાત સાઈ ભાસ્કર રેડ્ડી કહે છે કે સૌર ઊર્જા બે દાયકા સુધી સ્વચ્છ ઊર્જાનો ભ્રમ આપે છે, પરંતુ જો પેનલ્સને રિસાયકલ કરવાની કોઈ ગંભીર યોજના નહીં હોય, તો તે મોડ્યુલો ઝેરી કચરાનાં કબ્રસ્તાન છોડી જશે. નિષ્ણાતો સ્વીકારે છે કે સૌર ઊર્જા દ્વારા ભવિષ્યમાં પેદા થનારો કચરો પર્યાવરણ માટે હાનિકારક છે, પરંતુ તેનો અર્થ એ નથી કે આ સમસ્યા તકોનું સર્જન કરશે નહીં. રોહિત પાહવા કહે છે કે જેમ જેમ કચરો વધશે, તેમ તેમ તેને યોગ્ય રીતે કેવી રીતે પ્રોસેસ કરવું તે જાણતી કંપનીઓની માંગ પણ વધશે. CEEW કહે છે કે જો કાર્યક્ષમ રીતે રિસાયકલ કરવામાં આવે તો, તે ૨૦૪૭ સુધીમાં નવી પેનલ્સ માટે ૩૮ ટકા સામગ્રી પૂરી પાડી શકે છે. આનાથી ખાણકામને કારણે થતા ૩.૭ કરોડ ટન કાર્બન ઉત્સર્જનને પણ અટકાવી શકાય તેમ છે.

પર્યાવરણીય નિષ્ણાત સાઈ ભાસ્કર રેડ્ડી નક્કા કહે છે કે સૌર ઊર્જાથી નફો કમાતી કંપનીઓએ પેનલ્સ કામ કરવાનું બંધ કર્યા પછી શું કરવું જોઈએ તેની જવાબદારી પણ લેવી જોઈએ. જો યોગ્ય રિસાયક્લિંગ કરવામાં ન આવે, તો આજની સ્વચ્છ ઊર્જા આવતી કાલનો મોટો કચરો બની શકે છે. ભારતમાં કાચ અને એલ્યુમિનિયમનાં બજારો પહેલાંથી જ અસ્તિત્વમાં છે. સૌર કોષોમાં જોવા મળતી સિલિકોન, ચાંદી અને તાંબા જેવી ધાતુઓને નવા પેનલ અથવા અન્ય ઉદ્યોગોમાં ઉપયોગ માટે મેળવી શકાય છે. હાલમાં મોટા ભાગના સૌર કચરા પર સરળ પદ્ધતિઓનો ઉપયોગ કરીને પ્રક્રિયા કરવામાં આવે છે, જે ફક્ત કાચ અને એલ્યુમિનિયમ જેવા ઓછા મૂલ્યના પદાર્થોને જ કાઢે છે. કિંમતી ધાતુઓ કાં તો ખોવાઈ જાય છે અથવા ખૂબ જ ઓછી માત્રામાં કાઢવામાં આવે છે. આવનારો દાયકો ભારતના સૌર ઊર્જા લક્ષ્યો માટે મહત્ત્વપૂર્ણ રહેશે.

નિષ્ણાતો કહે છે કે અબજો સૌર પેનલ્સને બદલવાની અને પરિણામે ઇલેક્ટ્રોનિક કચરાનો નિકાલ કરવાની જરૂરિયાત ટૂંક સમયમાં એક મોટી સમસ્યા બની શકે છે. બ્રિટિશ સરકારના જણાવ્યા મુજબ બ્રિટનમાં લાખો સોલાર પેનલ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે, પરંતુ તેમને દૂર કરવા અથવા રિસાયક્લિંગ માટે કોઈ ગેરંટીકૃત સિસ્ટમ નથી. વિશ્વભરના નિષ્ણાતો સરકારોને આ મુદ્દા અંગે નક્કર નીતિઓ ઘડવા વિનંતી કરી રહ્યા છે, કારણ કે તે એક મોટી વૈશ્વિક પર્યાવરણીય આપત્તિ બનવાનો ભય ધરાવે છે. સોલાર પેનલ્સને સંપૂર્ણપણે રિસાયકલ કરતી વિશ્વની પ્રથમ ફેક્ટરી ૨૦૨૩માં ફ્રાન્સમાં કાર્યરત થઈ ગઈ છે. આ ફેક્ટરીની સ્થાપનાથી આ ક્ષેત્રમાં કામ કરતાં લોકો માટે આશાઓ જાગી છે. આ ફેક્ટરી સૌર પેનલના કાચ અને એલ્યુમિનિયમ ફ્રેમ તેમજ તેમાં રહેલી કિંમતી ધાતુઓ - ચાંદી અને તાંબુ - ને અલગ કરે છે, જેને અલગ કરવા સૌથી મુશ્કેલ છે. આ દુર્લભ ધાતુઓને રિસાયકલ કરી શકાય છે અને ઉચ્ચ-કાર્યક્ષમતાવાળી સૌર પેનલ્સમાં ફરીથી વાપરી શકાય છે. આ રીતે કાઢવામાં આવેલા કાચનો ઉપયોગ ટાઇલ્સ જેવા કાર્યક્રમોમાં અથવા બિટ્યુમેન બનાવવા માટેની સામગ્રી સાથે મિશ્રિત કરી શકાય છે. જો કે, તેનો ઉપયોગ ઉચ્ચ-કાર્યક્ષમતા ધરાવતી સોલાર પેનલ્સમાં થઈ શકતો નથી.

જો આપણે અશ્મિભૂત ઇંધણથી સૌર ઊર્જા તરફ આગળ વધવું હોય, તો હાલમાં ભવિષ્યમાં જરૂરી સૌર પેનલ બનાવવા માટે પૂરતી ચાંદી ઉપલબ્ધ નથી. બ્રિટિશ વૈજ્ઞાનિકો પણ ફ્રાન્સની રોઝી કંપની જેવી ટેકનોલોજી વિકસાવી રહ્યા છે. લેસ્ટર યુનિવર્સિટીનાં સંશોધકોએ ગયા વર્ષે જાહેરાત કરી હતી કે તેઓએ સોલાર પેનલમાંથી ક્ષારના રૂપમાં ચાંદી કાઢવાનો માર્ગ શોધી કાઢ્યો છે. આમ છતાં, અત્યાર સુધી ફક્ત રોઝી કંપની જ આ કાર્યને ઔદ્યોગિક સ્તરે લઈ ગઈ છે. ભારત સરકારે પણ સૌર ઊર્જાના ભવિષ્યમાં પેદા થનારા કચરાના ડુંગરો માટે કોઈ નક્કર યોજના ઘડી કાઢવી પડશે, જેથી કિંમતી ધાતુઓનું રિસાયકલિંગ થાય અને પર્યાવરણનું પણ જતન કરી શકાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

જો સૌર પેનલમાં વપરાતી સીસું અને કેડમિયમ જેવી ઝેરી ધાતુઓની થોડી માત્રાની પણ યોગ્ય રીતે સંભાળ ન લેવામાં આવે તો તે માટી અને પાણીને પ્રદૂષિત કરી શકે છે

નિવિદા નં.૨૬ સને ૨૦૨૫-૨૬
માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય.

કાર્યપાલક ઈજનેરશ્રી, સુરત (મા. અને મ.) વિભાગ નં.-૧, દયાળજીબાગની સામે, નાનપુરા, સુરત ફોન નં. ૨૪૬૪૧૬૨ દ્વારા અત્રેની કચેરી નીચે મુજબના કામો માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે.

ક્રમ	કામનું નામ	અંદાજી રકમ રૂ.(લાખમાં)
૧.	રિપેરિંગ ઓફ સેલ ટેક્ષ ભવન(ડિવિઝન ૭),નિયર આરઠબી ઓફિસ એટ નાનપુરા ડિસ્ટ્રીક્ટ, સુરત (રિપેરિંગ ઓફ ટોયલેટ બ્લોક,ડોર, વિંડો કલર વર્ક એન્ડ અધર મિસલેનિય વર્ક) (બીજી વખત)	૯૬.૬૭
૨.	પ્રોવાઇડિન્ગ ફર્નિચર ઇન સેલ ટેક્ષ ભવન(ડિવિઝન ૮),નિયર આરઠબી ઓફિસ એટ નાનપુરા ડિસ્ટ્રીક્ટ,સુરત (બીજી વખત)	૭૪.૩૭
૩.	રીપેરીંગ ઓફ જિલ્લા આયોજન ઓફીસ ઇન બહુમાલી કેમ્પસ એટ નાનપુરા, ડી.સુરત (રીપેરીંગ ઓફ ટોયલેટ બ્લોક, ડોર, વિન્ડો, કલર વર્ક એન્ડ અધર મીસે. વર્કસ) (બીજી વખત)	૨૧.૧૦
૪.	કન્સ્ટ્રકશન ઓફ કેટેગરી ડી ટાઇપ ૩૨ યુનિટસ (પી+૮) સ્ટાફ ક્વાટર્સ એટ । અઠવાલાઇન્સ, સુરત (પ્રોવાઇડીંગ પ્લેટફોર્મ ફોર ટ્રાન્સફાર્મર એન્ડ અધર મીસે. વર્ક) એન્ડ કન્સ્ટ્રકશન ઓફ કેટેગરી ડી૧ ટાઇપ ૪૮ યુનિટસ (પી+૧૨) સ્ટાફ ક્વાટર્સ એટ પ્રાંત હાઉસ, સુરત (પ્રોવાઇડીંગ પ્લેટફોર્મ ફોર ટ્રાન્સફાર્મર એન્ડ અધર મીસે. વર્ક)	૧૬.૪૮

ટેન્ડરનાં દસ્તાવેજો તા.૦૨/૦૧/૨૦૨૬ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી વેબસાઈટ https://tender.nprocure.com ઉપર જોવા મળી શકશે.

નિવિદા ફક્ત રાજ્ય સરકારની વેબસાઇટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળી શકશે. વધારાની વિગતો માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે. અથવા ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતાં ઈજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

કાર્યપાલક ઈજનેર
સુરત (મા.મ) વિભાગ નં.-૧
સુરત

કમાંક:માહિતી-સૂરત/૧૨૬૧/૨૦૨૫

Estd: 1912
Sarvajanik Education Society
M.T.B.College Campus, Opp. Chowpaty,
Athwalines, Surat, Gujarat, INDIA-395001
Phone No.:- 9723044456 Website: www.ses-surat.org

Requires Principal

Applications are invited from eligible candidates for the post of **Principal** in the following Grant-in-Aid Colleges:

- V. T. Choksi Sarvajanik Law College
- M.T.B. Arts College
- Sir K.P. College of Commerce
- S.P.B. English Medium College of Commerce

Educational Qualifications

1) As per U.G.C. Regulation 30/06/2010 and 18/07/2018, the candidate must possess a minimum 55% marks at post-graduate level and a Ph.D. degree in the concerned/allied/ relevant/ discipline (s) from a recognised University with evidence of published work and research guidance.
2) Associate Professor / Professor with a total experience of 15 years of teaching/research/administration in universities, colleges and other institutions of Higher Education.
3) A minimum of 10 research publications in peer-reviewed or U.G.C. listed journals
4) A minimum 110 research score as per appendix II, Table-2, and the research score shall be from the minimum of three categories out of six categories.

Pay Scale & Service Conditions as per U.G.C/ V.N.S.G.U. / Sarvajanik Education Society Rules in force from time to time

Interested Candidates may download the Application Form from our website www.ses-surat.org and send it by speed post To, The Secretary-Sarvajanik Education Society along with self-certified copies of Certificates, Mark-sheets etc. in 3 sets, so as to reach the office on or before 16th January 2026. Those in employment should apply through the proper channel.

For details, visit above mentioned website.

Date: 30th December, 2025
No.: Mahiti-Surat/ 1266/ 2025

Secretary

APPLE CINEMA
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
Book Tickets Now from : bookmyshow.com Paytm
: 8238380822
: @applecinemasurat

રોમાન્ટીક, મ્યુઝીકલ ફિલ્મ

તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરી
* કાર્તિક આર્યન * અનન્યા પાંડે
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૩.૩૫, ૫.૧૫, રાત્રે ૧૦.૦૦, ૧૦.૩૦

એક્શન ફિલ્મ

ધુરંધર
* રણવીરસિંહ * સંજયદત્ત * અર્જુન રામપાલ
૯.૦૦, ૯.૦૫, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૦, ૧૨.૫૦, ૧.૨૦, ૨.૦૦, ૨.૩૦, ૩.૨૫, ૪.૪૦, ૫.૧૦, ૫.૪૦, ૬.૩૦, ૭.૧૦, રાત્રે ૮.૩૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦

લાલો : શ્રીકૃષ્ણ સદા સહાયતે ૧૨.૩૦, રાત્રે ૮.૦૦

વન્દે ભારત વાયા ચુ.એસ.એ. ગુજરાતી : ૧૦.૦૦, ૩.૧૫, રાત્રે ૯.૩૦
એનાકોન્ડા (હિન્દી) ૧૦.૦૦, ૫.૫૦, ૭.૫૦
અવતાર: ફાયર એન્ડ એશ હિન્દી ફિલ્મ ૧૨.૦૦, ૬.૨૦

DAKSHIN GUJARAT VIJ COMPANY LIMITED
DGVCL
CIN-U40102GJ2003SGCO42909
Rander (O&M) Division
Plot no.37 T.P.32, L. P. Savani Rond, Behind Jalaram Temple, Near Saurabh Police Chowki, Adajan, Surat-395005
Phone No. 0261-2767455 | Toll Free No. 19123 or 1800 233 3003

"ઉર્જા સેવા કેન્દ્ર (USK)" માટે દુકાન ભાડેથી જોઈએ છે - ચોથો પ્રયત્ન

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ઓલપાડ ગ્રામ્ય વિભાગીય કચેરીનાં કાર્યક્ષેત્રમાં આવતા મોટા વરાછા લજામણી ચોકથી સુદામા ચોક, કબ્રસ્તાન ચાર રસ્તા, રામ ચોક વિસ્તારોમાં ''ઉર્જા સેવા કેન્દ્ર (USK)'' માટે આશરે 300 થી ૪૦૦ ચો. ફૂટ કાર્પેટ એરીયા વાળી દુકાન ભોયતળીએ તથા મુખ્ય રસ્તાની બાજુમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષનાં ભાડા કરારથી જોઇએ છે.

રસ ધરાવનાર પાર્ટીએ ૧૯.૦૧.૨૦૨૬ સાંજના છ વાગ્યા સુધીમાં મળી જાય તે રીતે આર.પી.એ.ડી. અથવા સ્પીડ-પોસ્ટથી સીલ બંધ કવરમાં કાર્પેટ એરીયા પ્રતિ ચો. ફૂટ તેમજ પ્રતિ માસના ભાવ સાથે નીચેની વિગતો સાથેની દરખાસ્ત કાર્યપાલક ઈજનેરશ્રી (સં અને નિ.), રાંદેર વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં. લિ., પ્લોટ નં.37, એલ.પી.સવાણી રોડ, જલારામ મંદિરની પાછળ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯ ના સરનામે મોકલી આપવી. કવર પર "ઉર્જા સેવા કેન્દ્ર (USK)" (ઓલપાડ ગ્રામ્ય) માટે દુકાન ભાડે મેળવવા બાબત" જરૂર લખવું, કવરમાં દરખાસ્ત સાથે (૧) કુલ ચો. ફૂટકાર્પેટ એરિયાની વિગત (૨) મકાનના બાંધકામના પ્લાન અને સ્થળ દર્શાવતા મહાનગરપાલિકામાંથી મંજૂર કરેલ સહીસિક્કાવાળા નકશાની બે નકલ (૩) મકાન નામે છે તે અંગે મકાનની વેરા પાવતીની નકલ, દસ્તાવેજની સર્ટીફાઇડ નકલ, ભાગીદારો હોય તો "પાવર ઓફ એટર્ની'' ની નકલ, તેમજ દુકાનનું ભાડું બધા ટેક્સ, વેરા સહિત આપવાનું રહેશે (જીએસટી અલગથી) (૬) પ્રાઇસ બિડ કવર, કવર પર ''Pr ies Bid'' જરૂર લખવું. ભોંયતળિયાના દુકાનને પ્રથમ પસંદગી આપવામાં આવશે. દ.ગુ.વી.કં.લિ.ની મંજૂરી મળ્યેથી મકાનનો કબ્જો તરત જ આપવાનો રહેશે.

કાર્યપાલક ઈજનેર, રાંદેર
વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો

મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ
Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-એનઇ, 19મો માળ, ધ ૂવી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (પશ્ચિમ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002ની કલમ 13(2) હેઠળ, જે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-2002ના નિયમ 3(1) સાથે વાંચવામાં આવે છે.
નીચે સહી કરનાર વ્યક્તિ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ (MHIL)ના સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ઉપરોક્ત અધિનિયમ) હેઠળ અધિકૃત અધિકારી છે. સિક્યોરિટ